# Knowledge Consortium of Gujarat

Department of Education, Government of Gujarat


નં. કેસીજી/શોધ/૨૦૨૬-૨૭/૩૫ તા.૦૭/૦૪/૨૦૨૬

પ્રતિ,

નોડલ ઓફિસર, શોધ

તમામ યુનિવર્સિટી

**વિષય:** શોધ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૫-૨૬ અન્વયે ઓનલાઈન અરજીઓની તારીખ લંબાવવા બાબત અને અરજીઓનું વેરીફીકેશન કરવા બાબત

સ્નેહીશ્રી,

શોધ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૫-૨૬ અન્વયે ઠરાવ મુજબ પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ https://shodh.gujarat.gov.in/ વેબસાઈટ પર તા.૧૯/૦૨/૨૦૨૬ થી ૦૪/૦૪/૨૦૨૬ ૧૮.૦૦ કલાક સુધીમાં ઓનલાઈન અરજી કરવા જાહેરાત આપવામાં આવેલ હતી. **વિદ્યાર્થીઓના હિતોને ધ્યાનમાં લેતાં ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ ૨૦/૦૪/૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે.** જેની નોંધ લઇ આપની યુનિવર્સિટી અને સંલગ્ન કોલેજોમાં પીએચ.ડી. કરતા વિદ્યાર્થીઓને શોધ યોજના અંતર્ગત **ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ ૨૦/૦૪/૨૦૨૬** વિષે જાણ કરવા વિનંતી જેથી વધુમાં વધુ વિદ્યાર્થીઓ આ યોજના હેઠળ લાભાન્વિત થઇ શકે. આ તારીખ પછી કોઈ પણ સંજોગોમાં તારીખ લંબાવવામાં આવશે નહિ. જેની ખાસ નોંધ લેવી.

વધુમાં જે વિદ્યાર્થીઓ દ્વારા આ યોજના હેઠળ લાભ પ્રાપ્ત કરવા માટે ઉક્ત સમય મર્યાદામાં ઓનલાઈન એપ્લીકેશન વેબસાઈટ પર લોક કરવામાં આવેલ છે/ આવશે તેઓએ જે તે યુનિવર્સિટી ખાતે પોતાના ઓરીજીનલ ડોક્યુમેન્ટનું વેરીફીકેશન કરાવવાનું રહે છે. આ માટે **નોડલ ઓફીસરે વિદ્યાર્થીઓ દ્વારા અપલોડ કરવામાં આવેલ તમામ દસ્તાવેજો/ડોક્યુમેન્ટ્સની ચકાસણીની પ્રક્રિયા તા.૨૪/૦૪/૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે.** જો વિદ્યાર્થી દ્વારા ઓનલાઈન ફોર્મ ભરતી વખતે કોઈ **ટેકનીકલ ભૂલ થઇ હોય તો તેની એપ્લીકેશન "અનલોક" કરવી અને વિદ્યાર્થી દ્વારા જરૂરી સુધારા કરાવી તેની અરજીની પુનઃ ચકાસણી કરવી.** જે વિદ્યાર્થીઓ ઉક્ત સમય મર્યાદામાં ઓરીજીનલ ડોક્યુમેન્ટનું વેરીફીકેશન માટે ના આવી શકે તો તેઓને જાણ કર્યા બાદ તેવી અરજીઓ રીજેક્ટ કરવી. કોઈ પણ અરજી પેન્ડીંગ ન રાખવા અનુરોધ છે.

તમામ પાત્ર અને માન્ય ઉમેદવારોની સૂચિ વિષયવાર ગોઠવીને યુનિવર્સિટીના ફોરવર્ડિંગ લેટર પર રજિસ્ટ્રારશ્રીની તથા આપની સહી અને સ્ટેમ્પ સાથે નીચે મુજબ દર્શાવેલ દસ્તાવેજો સહીત કેસીજી ખાતે તા.૩૦/૦૪/૨૦૨૬ સુધીમાં જમા કરાવવાના રહેશે.

1. ઓનલાઈન ભરેલ ફોર્મ અને વેરીફીકેશનની રીસીપ્ટ
2. Anti plagiarism report
3. એચ.ઓ.ડી અને ગાઈડની સહી સિક્કાવાળું રીસર્ચ પ્રપોઝલ
4. પી.એચડી. વિષય/ટાઈટલને અનુલક્ષીને પીપીટી


Pragna Puram Campus, Opp. PRL, Between Govt. Girls Polytechic and L.D College of Engineering, Navrangpura, Ahmedabad-380015.
E-mail : info-kcg@gujarat.gov.in www : kcg.gujarat.gov.in
Ph. +91 7926302067

ફક્ત ઉપરોક્ત જણાવેલ ૪ દસ્તાવેજો જ હાર્ડકોપીમાં તા.૩૦/૦૪/૨૦૨૬ સુધીમાં કેસીજી ખાતે જમા કરાવવા. ત્યારબાદ નિયમો અનુસાર પૂર્ણ ચકાસણી પછી જ અરજીઓ સ્ક્રુટિની સમિતિ સમક્ષ મૂકવા પાત્ર ગણાશે. તેથી આપને દસ્તાવેજ ચકાસણીની પ્રક્રિયા નિયત સમયમર્યાદામાં અચૂક પૂર્ણ કરવા વિનંતી છે.

આભાર સહ,

મેમ્બર સેક્રેટરી
શોધ યોજના
કેસીજી, અમદાવાદ

# વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત

**:: પરીપત્ર ::**

**ક્રમાંક: પીજી/૭૧૯૨/૨૦૨૬**

**કુલસચિવ વતી**

**તા. ૦૭/૦૪/૨૦૨૬**

**પ્રતિ,**

(૧) **યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રીઓ તરફ...**

(૨) **યુનિવર્સિટી પરીસર ખાતેના તમામ અનુસ્નાતક વિભાગોના વડાશ્રીઓ/ સ્વનિર્ભર અભ્યાસક્રમના કો–ઓર્ડિનેટરશ્રીઓ તરફ...**